રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

-: અખબારી યાદી:-

# નુકશાન થયેલ મુખ્ય રસ્તાઓની 'મિશન મોડ'માં મરામત કામ શરુ કરાવતા મ્યુનિ. કમિશનરશ્રી

## વેસ્ટ ઝોન કચેરીમાં અધિકારીઓ સાથે મીટીંગ કરી સુચનો પણ મેળવ્યા: સમરસ હોસ્ટેલવાળો રોડ તાકીદે રીપેર કરવા આદેશ

તારીખ: ૧૩-૦૯-૨૦૧૯


રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશન
RAJKOT MUNICIPAL CORPORATION

રાજકોટ મહાનગરપાલિકા ના નવનિયુક્ત કમિશ્નરશ્રી ઉદીત અગ્રવાલે આજે તારીખ: ૧૩-૦૯-૨૦૧૯ ના રોજ વેસ્ટ ઝોનના વિવિધ એરિયાની રૂબરૂ મુલાકાત લીધી હતી, તેમજ માર્ગો ક્ષતિગ્રસ્ત છે, તેનું 'મિશન મોડ' માં આજથી જ મરામત કાર્ય શરૂ કરાવ્યું હતું. આ ઉપરાંત યુનિવર્સિટી રોડ અને જે. કે. ચોક નજીક સમરસ હોસ્ટેલવાળો રોડ આજથી જ રિપેર કરવા સૂચના આપી હતી.

વિશેષમાં મ્યુનિ. કમિશનરશ્રીએ આજે પશ્ચિમ ઝોનની ઓફિસ ખાતે મહાનગરપાલિકાના વરિષ્ઠ અધિકારીઓ સાથે એક અગત્યની મીટીંગ યોજી હતી. જેમાં નાયબ કમિશનરશ્રી ચેતન નંદાણી, સીટી એન્જી. શ્રી કે.એસ. ગોહિલ, સહાયક કમિશનરશ્રી સમીર ધડુક તેમજ અન્ય ટેકનીકલ અને વહીવટી બ્રાન્ચના અધિકારીઓ હાજર હતા.

આ વિશે વાત કરતા કમિશનરશ્રીએ જણાવ્યું હતું કે, મહાનગરપાલિકામાં કયા કયા કાર્યો અગ્રતાના ધોરણે હાથ ધરવા જોઈએ તે વિશે અધિકારીઓ પાસેથી સૂચનો માગ્યા હતા.

દરમિયાન મ્યુનિ. કમિશનરશ્રીએ વેસ્ટ ઝોન કચેરીના વિવિધ વિભાગોની મુલાકાત લીધી હતી અને કચેરીમાં સ્વચ્છતાના ઉચ્ચતર ધોરણો જાળવવા સંબંધિત અધિકારીને સૂચના આપી હતી. અધિકારીઓ સાથેની મિટિંગમાં કમિશનરશ્રી નાગરિકો તરફથી આવતી ફરિયાદો અને પ્રશ્નોના સત્વરે નિકાલ કરવાના કામને ટોચની અગ્રતા આપવા તથા ફિલ્ડમાં રૂબરૂ જઇને પ્રવર્તતી વાસ્તવિક સ્થિતિથી વાકેફ રહેવા પણ સૂચના આપી હતી

(જન સંપર્ક અધિકારી)